# DISTRICT COMMUNITY SCIENCE CENTRE-SURAT

(Sponsored by GUJCOST, DST, GoG- Gandhinagar)

C/o.-Vasudev Smart Prim. School no. 04 building, Opp.-SMC Quarters, B/h.-Balajinagar, Piplod , Surat-395 007, Tel. No. (0261) 2255600 Mo.7567924501,

E-mail : jaybharaticsc@gmail.com, www.jaybharaticsc.org

Managed by **JBF- Surat**

Affiliated with **GUJCOST**


Ref.no.: CSC-Srt//STEM quiz 2.0/2022-23/66 Dt.: 18/01//2023

પ્રતિ,

આચાર્યા/આચાર્યશ્રી,

માધ્યમિક/ ઉ.માધ્યમિક શાળાઓ(તમામ),

જિ. સુરત

<u>વિષય: **Gujarat STEM quiz 2.0** માં ભાગ લેવા માટે ધો.**9-12** ના વિધાર્થીઓ માટે વધુ એક તક બાબત,</u>

<u>(તા. ૩૧-જાન્યુઆરી-૨૦૨૩ સુધી રજીસ્ટ્રેશન કરી શકાશે.... ૨ કરોડના ઇનામ જીતવા માટેની સુવર્ણ તક)</u>

સંદર્ભ: (1) ગુજકોસ્ટ નો પરિપત્ર: GUJCOST/STEM/2022-23/2819 Dt.09/12/2022

(2). કમિશ્નર શાળાની કચેરી: ઘ/માધ્ય/પરચ/૨૨૩૬૬-૪૧૦ તા.૧૭/૧૧/૨૦૨૨

ઉપરોક્ત વિષય અને સંદર્ભે જણાવવાનું કે ગુજરાત સરકારના ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી(**GUJCOST**), વિજ્ઞાન અને પ્રૌધોગીકી વિભાગ(**DST**)-ગાંધીનગર દ્વારા ગુજરાત સ્ટેમ ક્વિઝ ૨.૦નું આયોજન કરવામાં આવેલ છે, **Gujarat STEM quiz2**નું ધ્યેય વિધાર્થીઓમાં સાયન્સ, ટેકનોલોજી, ઈજનેરી અને ગણિત (**STEM**) ક્ષેત્રે ઉત્સાહ વધારવાનું અને પ્રેરણા આપવાનું છે, અને જ્ઞાન અને જાગૃતિમાં અભિવૃદ્ધિ થશે,

સુરતની તમામ શાળાના વિધાર્થીઓ આ ક્વિઝમાં ભાગ લેવા માટે આમંત્રણ પાઠવવામાં આવેલ, કમિશ્નરશ્રી શાળાની કચેરી, ગુજકોસ્ટ- ગાંધીનગર અને આપની કચેરી દ્વારા પરીપત્ર પણ કરવામાં આવેલ, મહત્તમ શાળાઓને જાણ થાય તે માટે સમાચાર પત્રો, ઈ-મેલ, સોશિયલ મીડિયા દ્વારા અવાર નવાર સ્મૃતિ કરાવવા આવે છે.

**STEM quiz** માં નોંધણી માટેની છેલ્લી તારીખ મુદત વધારી <u>**31**-જાન્યુઆરી</u> કરવામાં આવેલ છે, આ વર્ષે ક્વિઝમાં જીલ્લાની તમામ શાળાઓનાં વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં ભાગ લેવા નોંધણી કરાવે તે માટે ખાસ આગ્રહ સાથે કરવામાં આવે છે, જિલ્લા શિક્ષણધિકારીશ્રીની દ્વારા પણ અવાર-નવાર જરૂરી સુચના આપવા આવે છે છતાં સમગ્ર ગુજરાત વિદ્યાર્થીઓની નોંધણીમાં સુરતમાંથી ખુબજ નબળો પ્રતિસાદ મળેલ છે. કમિશ્નરશ્રી, શાળાની કચેરી દ્વારા પણ જિલ્લાવાર સમીક્ષા થઇ રહી છે તેથી આપ સૌને પુન: યાદ કરાવવાનું કે આપની શાળામાં વિધાર્થીઓ દ્વારા ક્વીઝમાં પ્રતિદિન નોંધણી સમીક્ષા કરી મહત્તમ નોંધણી થાય તે માટે યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી,

અગત્યની સુચના:

1) આ ક્વિઝ જિલ્લા/રાજ્ય સ્તરેની સ્પર્ધા ઓનલાઈન અને અંતિમ સ્પર્ધા ઓફલાઇન માધ્યમથી યોજવામાં આવશે, ક્વીઝની ભાષા ગુજરાતી/અંગ્રેજી બન્ને રહેશે,
2) આ ક્વિઝમાં તમામ શાળાના ધો. ૯ થી ૧૨માં કોઈપણ બોર્ડમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ભાગ લઇ શકશે, કોઈ પણ પ્રકારની નોંધણી ફી રાખવામાં આવેલ નથી, "બે કરોડ સુધીના ઇનામો જીતવાની સુવર્ણ તક"
3) સાયન્સ, ટેકનોલોજી, ઈજનેરી અને ગણિત(**STEM**) ક્ષેત્રે હાલના વિકાસ અને વલણો પર આધારિત પ્રશ્નો પૂછવામાં આવશે, આ પ્રશ્નો માધ્યમિક/ઉ.માધ્યમિક સ્તરના હશે,
4) આ પ્રતિયોગિતા અંતર્ગત વિધાર્થીઉઓને ૨ કરોડ સુધુના ઇનામો આપવામાં આવશે અને રાષ્ટ્રીય કક્ષાની અંતિમ સ્પર્ધામાં પસંદ થયેલાને પ્રમાણપત્ર પણ આપવામાં આવશે, ઇનામની રકમ ઉપરાંત આ કાર્યક્રમનાં ભાગરૂપે વિજેતા વિધાર્થીઓ બુટકેમ્પમાં ભાગ લઇ શકશે, તેમજ સાયન્સ સિટી, ISRO, DRDO અને BARC જેવી અગ્રણી વૈજ્ઞાનિક સંસ્થાની મુલાકાત લેવારવામાં આવશે,
5) ક્વિઝનું રજીસ્ટ્રેશન: **www.stemquiz.gujarat.gov.in** પરથી કરવાનું રહેશે,
6) વધું માહિતી માટે તેમજ ક્વિઝની પૂર્વ તૈયારી માટે સંદર્ભ પ્રશ્નબેન્કબૂક(**Question Bank Book**) ની સોફ્ટ કોપી ગુજકોસ્ટની વેબસાઈટ **www.gujcost.gujarat.gov.in** પરથી મળી શકશે અથવા અમારાં ઈમેલ: jaybharaticsc@gmail.com & **whatsapp no.7567924501** રીક્વેસ્ટ મેસેજ કરવાથી મોકલી આપવામાં આવશે,

આભાર સહ....

Director
District Community
Science Center-Surat

જી. એન. કાકડિયા, ડાયરેક્ટર,

જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર (CSC)-સુરત

ઈ-મેઈલ
ક્રમાંક: ધ/માધ્ય/પરચ/૨૦૨૨/૨૨૩૬૬-૪૧૦

કમિશનર શાળાઓની કચેરી,
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા.૧૭/૧૧/૨૦૨૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય : Gujarat STEM Quiz 2.0 માં ધોરણ-૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓએ ભાગ લેવા બાબત.
સંદર્ભ : ગુજકોસ્ટ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: GUJCOST/STEM/2022-23/2405, તા.૯/૧૧/૨૦૨૨

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગુજરાત કાઉન્સિલ એન્ડ સાયન્સ અને ટેકનોલોજી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, ગાંધીનગર દ્વારા ગુજરાત સ્ટેમ ક્વિઝર ૨.૦ નું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્ટેમ કવીઝની ઔપચારિક જાહેરાત માનનીય શિક્ષણમંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી દ્વારા ૨૯મી ઓકટોબર, ૨૦૨૨ના રોજ કરવામાં આવી હતી. ગુજરાત સ્ટેમ ક્વિઝનું ધ્યેય વિદ્યાર્થીઓમાં સાયન્સ, ટેક્નોલોજી, ઇજનેરી અને ગણિત (સ્ટેમ) ક્ષેત્રે ઉત્સાહ વધારવાનું અને પ્રેરણા આપવાનું છે. આ વખતે આ ક્વિઝ તમામ રાજ્યોની ભાગીદારી સાથે રાષ્ટ્રીય સ્તરની ઇવેન્ટ હશે. જેથી તમામ રાજ્યના વિદ્યાર્થીઓમાં સ્ટેમ બાબતે ભાગ લેવામાં, જ્ઞાનમાં અને જાગૃતિમાં અભિવૃદ્ધિ થશે.

ભારતના તમામ રાજ્યના વિદ્યાર્થીઓ આ કવીઝમાં ભાગ લેવા માટે આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ પ્રવૃતિમાં શાળાના વિધાર્થીઓ ભાગ લઈ શકે તે હેતુથી આ અંગેનો પરિપત્ર કરવા રાજ્યના તમામ જિ.શિ.અ.શ્રીઓને જાણ કરવામાં આવેલ છે. તદઅનુસાર ચાલુ સાલે આ કવીઝમાં રાજયની તમામ શાળાઓના વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં ભાગ લેવા વિનંતી કરવામાં આવી છે. આ કાર્યક્રમ અંગે વિશેષ માહિતી મેળવવા માટે જીલ્લાના લોક વિજ્ઞાન કેન્દ્ર અથવા ગુજકોસ્ટ કચેરીનો સંપર્ક કરવા વિનંતી છે.

૧. આ કવીઝ જીલ્લા અને રાજ્ય સ્તરની સ્પર્ધા ઓફલાઇન માધ્યમથી યોજવામાં આવશે. અંતિમ સ્પર્ધા ઓફલાઇન માધ્યમથી યોજવામાં આવશે. કવીઝની ભાષા ગુજરાતી / અંગ્રેજી હશે.
૨. આ ક્વિઝમાં ભારત દેશના તમામ રાજ્ય / કેન્દ્રશાસિત પ્રદેશના કોઈપણ બોર્ડ અથવા માધ્યમના ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ / વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકે છે. કોઈ પણ પ્રકારની નોંધણી ફીઝ રાખવામાં આવેલ નથી.
૩. સાયન્સ, ટેક્નોલોજી, ઇજનેરી અને ગણિત (સ્ટેમ) ક્ષેત્રે હાલના વિકાસ અને વલણો પર આધારિત પ્રશ્નો પૂછવામાં આવશે. ક્વિઝના પ્રશ્નો મુખ્યત્વે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્તરના રહેશે.
૪. આ પ્રતિયોગીતા અંતર્ગત વિધાર્થીઓને ૨ કરોડ સુધીના ઈનામો આપવામાં આવશે અને અંતિમ સ્પર્ધામાં પસંદ પામેલા દરેક વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવશે. ઈનામની રકમ ઉપરાંત આ કાર્યક્રમના ભાગરૂપે વિજેતા વિદ્યાર્થીઓ બુટકેમ્પમાં ભાગ લઈ શકશે તેમજ સાયન્સ સિટી, ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન, ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન અને ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર જેવી અગ્રણી વૈજ્ઞાનિક સંસ્થાઓની મુલાકાત લેશે.
૫. વધુ માહિતી અને ક્વિઝનું રજીસ્ટ્રેશન: www.stemquiz.gujarat.gov.in પરથી કરવાનું રહેશે. STEM Quiz ૨.૦ ના રજીસ્ટ્રેશન કરવાની છેલ્લી તારીખ ~~[illegible]~~ છે. 31-જાન્યઆરી-૨૦૨૩

ઉપરોકત ક્વિઝમાં રાજ્યના ધોરણ ૯ થી ૧૨ માં અભ્યાસ કરતા વધુમાં વધુ વિદ્યાર્થીઓ જોડાય અને ભાગ લે તે માટે આપના તાબા હેઠળની તમામ શાળાઓને સત્વરે આ અંગે જરૂરી સૂચના આપવા/જાણ કરવા આથી જણાવવામાં આવે છે.

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર.

નકલ રવાના જાણ સારૂ :-સલાહકારશ્રી, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, ગુજરાત સરકાર, બ્લોક-બી, ૭મો માળ, બહુમાળી ભવન,સેકટર-૧૧, ગાંધીનગર: ૩૮૨૦૧૧

